विषय : सूचना का अधिकार अधिनियम, 2005 के तहत एक आवेदन के हस्तांतरण के संबंध में ।

महोदय,

उपर्युक्त विषय के संदर्भ में याचिकाकर्ता श्री परसोत्तमभाई देवजीभाई भानुशाली, निवासी-झुरा, तालुका – भुज, कच्छ के द्वारा दिनांक 27/02/2019 को माननीय मुख्यमंत्री जी को संबोधित "सूचना का अधिकार अधिनियम, २००५" के तहत सूचना प्राप्त करने के लिए भेजा गया आवेदन दिनांक 08/04/2019 को प्राप्त हुआ है ।

इस पत्र के साथ आवेदन की प्रति संलग्न प्रेषित की जा रही है तथा आप को ज्ञात हो कि आवेदन के अंक संख्या (4) के तहत, आवेदक द्वारा मांगी गई जानकारी आपके कार्यालय के क्षेत्र से संबंधित है । अतः आंशिक रूप से अगली आवश्यक कार्रवाई हेतु आवेदन आपके कार्यालय को हस्तांतरित किया जा रहा है ।

एच. एस. व्यास

लोक सूचना अधिकारी और उप सचिव
ऊर्जा और पेट्रोकेमिकल्स विभाग, गुजरात सरकार

(1) आवेदक का नाम :- परसोत्तम देवजी भानुशाली

(2) पता :- मोरावास, मुकाम पोस्ट-झुरा, तालुका – भुज, कच्छ.

(3) आवश्यक जानकारी का विवरण (संक्षेप में) :- लोकसूचना अधिकार अधिनियम के तहत मांगी गयी जानकारी प्रदान करने का अनुरोध है :

| क्रम नं. | विवरण |
|---|---|
| 4 | कच्छ जिले के नखतराणा तालुका के पालनपुर गाँव में पावर ग्रिड कंपनी के सब स्टेशन के लिए आवंटित भूमि अनुदान के आदेश की सत्यापित प्रतिलिपि । |

(4) मैं आपको यह बताना चाहता हूं कि मांगी गई जानकारी सूचना के अधिकार अधिनियम 2005 की धारा 8 या 9 के तहत जारी की गई कक्षा के अंतर्गत शामिल नहीं है और यह मेरे ज्ञान के अनुसार आपके विभाग / कार्यालय से संबंधित है।

(5) यह आवेदन रु. 20/- के नॉन-जुड़ीशियल स्टम्प पेपर पर किया गया है ।

जगह : भुज – कच्छ

आवेदक का हस्ताक्षर

दिनांक : 27/02/2019

**આર.પી.એ.ડી. દ્વારા**

નમૂનો - ધ
(જુઓ નિયમ-૪(૨))
બીજા જાહેર સત્તામંડળને લગતી અરજીની તબદીલી

**ક્ર: પરચ-૧૫-૨૦૧૯-આરટીઆઇ-૭-ક**

**એચ. સી. વ્યાસ**
જાહેર માહિતી અધિકારી અને ઉપસચિવ,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
બ્લોક નં. ૫, ૫મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 11 APR 2019

પ્રતિ,
**જાહેર માહિતી અધિકારીશ્રી,**
પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.
પ્લોટ નં-૫૪, રીયા-રેવતી રિસોર્ટ પાછળ,
અંબે વિદ્યાલય સામે, સમા-સાવલી રોડ,
ચાણક્યપુરી સોસાયટી, કસ્તુરબા નગર,
ન્યુ સમા, વડોદરા-૩૯૦૦૧૮

**વિષય: માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ મળેલ અરજી તબદીલ કરવા બાબત.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે અરજદાર શ્રી પરષોતમભાઈ દેવજીભાઇ ભાનુશાળી, રહે. ઝુરા, તા.ભૂજ-કચ્છની તા.૨૭.૦૨.૨૦૧૯ની માન. મુખ્યમંત્રીશ્રીને સંબોધીને કરેલ 'માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫' અંતર્ગત માહિતી મેળવવા માટેની અરજી અત્રે તા. ૦૮.૦૪.૨૦૧૯ના રોજ મળેલ છે.

ઉક્ત અરજીની નકલ આ સાથે મોકલી આપતાં જણાવવાનું કે, સદરહુ અરજીના મુદ્દા ક્ર: (૪) અન્વયે, અરજદારે માંગેલ માહિતી આપની કચેરીના કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલ હોઇ, તે આગળની જરૂરી કાર્યવાહી માટે આ સાથે આપને અંશતઃ તબદીલ કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

**(એચ. સી. વ્યાસ)**
જાહેર માહિતી અધિકારી અને ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ગુજરાત સરકાર.

**બિડાણ:** ઉપર મુજબ.

**નકલ રવાના પ્રતિ,**

- **શ્રી પરષોતમભાઈ દેવજીભાઇ ભાનુશાળી,** મોરાવાસ, મુ.-પો. ઝુરા, તા.ભૂજ-કચ્છ તરફ.....આપની તા. ૨૭-૦૨-૨૦૧૯ની આર.ટી.આઇ. એક્ટ હેઠળની અરજી મુદ્દા નં.(૪) અન્વયે, ઉપર દર્શાવેલા જાહેર માહિતી અધિકારીશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

भारतीय गैर न्यायिक

बीस रुपये

रु.20

सत्यमेव जयते

INDIA

Rs.20

TWENTY RUPEES

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

67AA 990371

તારીખ : 21/02/2017

ક્રમાંક : 170072

ખરીદનારનું નામ પરસોતમ દેવજી ભાનુશાલી

કારણ

સ્ટેમ્પ કાગળની કિંમત 20

વેચનારની સહી Shukla

Department of Post

ભુજ હેડ પોસ્ટ ઓફીસ ૩૭૦૦૦૧

Stamps/Nakshan/283/09

J. S. to C. M.

માહિતી અધિકાર ૨૦૦૫ નિયમ –૩ મુજબ માહિતી આપવા બાબત

નમુનો "ક"

(જુઓ નિયમ ૩ (૧) માહિતી મેળવવા માટેની અરજીનોં નમુનો આઈ.ડી.ક્રમાંક)

(કચેરીના ઉપયોગ માટે)

J. S. to C. M.

O.S.D. to C. M.

પ્રતિશ્રી,

જાહેર માહીતી અધિકારીશ્રી,

માનનીય મુખ્ય મંત્રીશ્રી,

ગુજરાત રાજ્ય.

નવા સચિવાલય, ત્રીજા માળે, સર્વિમ સંકુલ–૧,

ગાંધીનગર

| | | | |
|---|---|---|---|
| ૧. | અરજદારનું નામ | :– | પરસોતમ દેવજી ભાનુશાલી |
| ૨. | પુરું સરનામું | :– | મોરાવાસ, મુ.પો. ઝુરા, તા. ભુજ–કચ્છ. ૯૯૨૪૭ ૯૯૨૭૩ |

....૨....

૩. જરૂરી માહિતીની વિગતો (ટુંકમાં):– જાહેર અધિકાર નિયમના આધારે માંગેલી જાણકારી આપવા વિનંતી. :

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | કચ્છ જિલ્લામાં પ્રોજેક્ટ માટે વાઈબ્રેન્ટ–૨૦૧૪ થી ૨૦૧૯ સુધી કઈ કઈ કંપનીઓના કરાર થયેલ છે તે કંપનીના નામ, સરનામા, એગ્રીમેન્ટની નકલ તેમજ કયા હેતુ માટે રજીસ્ટર/કરાર થયેલ છે તેની માહિતી. |
| ૨ | કચ્છ જિલ્લામાં પ્રોજેક્ટ માટે વાઈબ્રેન્ટ–૨૦૧૮ થી ૨૦૧૯ માં પવનચકિક માટે રજીસ્ટર થયેલ હોય તે કંપનીના પ્રોજેક્ટ રીપોર્ટની ખરી નકલ. |
| ૩ | કચ્છ જિલ્લામાં પવનચકિક ઉભી કરવા માટે સરકારશ્રીનું જી.આર. કે નિયમો અંગેની માહિતી. |
| ૪ | કચ્છ જિલ્લામાં નખત્રાણા તાલુકાના ગામ–પાલનપુરમાં પાવરગ્રીડ કંપનીના આવેલ સબ સ્ટેશન માટે ફાળવવામાં આવેલ જમીન મંજુરી અંગેના હુકમની ખરી નકલ. |
| ૫ | કચ્છ જિલ્લામાં નખત્રાણા તાલુકાના ગામ–પાલનપુરમાં પાવરગ્રીડ કંપનીમાં આવતી વિજ લાઈનો અંગે ખેડુતોને જમીન વળતર તેમજ પાક નુકશાની અંગે વળતર અંગેનો કોઈ સરકારી પત્રપત્ર/જી.આર. / હુકમ/ઠરાવ હોય તો તેની ખરી નકલ. |

૪. હું આથી જણાવું છું કે માંગવામાં આવેલી માહિતી, માહિતીના અધિકાર બાબત અધિનિયમ ૨૦૦૫ની કલમ–૮ અથવા ૯ હેઠળ માહીતી જાહેર કરવામાં મુક્તિ આપેલી હોય તેવા વર્ગ હેઠળ આવરી લીધેલ નથી અને મારી ઉતમ જાણ મુજબ તે આપના વિભાગ/ કચેરીને લગતી છે.

૫. (૧) આ અરજી ઉપર રૂા.૨૦/– ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પર કરેલ છે.

સ્થળ : ભુજ–કચ્છ

પી. ડી ભાઉશાળી

અરજદારનીસહી

તારીખ: ૨૭/૨/૨૦૧૯